# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા. ૨૪-૨-૨૦૦૯**

- **રાજ્ય સરકાર તેની બંધારણીય ફરજ બજાવવામાં નિષ્ફળ જતાં કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યશ્રીઓ રાજયપાલશ્રીને આવેદનપત્ર આપશે.**
- **રાજ્ય સરકાર પોતે જ સોગંદ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જણાવે છે કે, મંત્રીશ્રી માયાબહેન કોડનાની રાજ્યના મંત્રી છે અને તેથી તેઓ સાક્ષીઓ અને પુરાવાઓને તોડી ફોડી શકે છે.**
- **રાજ્ય સરકાર સોગંદ ઉપર જણાવે છે કે, મંત્રીશ્રી માયાબહેન કોડનાનીના હાથમાં પિસ્તોલ હતી, તેમણે ફાયરીંગ કર્યું હતું, ટોળાને ઉશ્કેર્યું હતું અને નેતૃત્વ લીધું હતું, તલવારો પુરી પાડી હતી અને આગેવાની લીધી હતી.**
- **રાજ્ય સરકાર સોગંદ ઉપર જણાવે છે કે, મંત્રીશ્રી માયાબહેન કોડનાની તપાસનીશ અધિકારી પાસે હાજર થયા નહોતા, મળી આવ્યા નહોતા અને તપાસને સહકાર આપ્યો ન હતો.**
- **રાજ્ય સરકાર જણાવે છે કે, ઝીણવટભરી તપાસના અંતે સ્પષ્ટ થાય છે કે, મંત્રીશ્રી માયાબહેન કોડનાનીનો એલીબીનો બચાવ તથ્ય વગરનો છે. તેઓની હાજરી અને કૃત્ય તપાસમાં સ્પષ્ટ ખુલે છે.**

વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની બંધારણીય જવાબદારી છે કે, રાજયમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી થવી જોઈએ. ગુજરાતની સરકાર પોતે જ કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં બાધારૂપ મંત્રીશ્રીને દૂર નહીં કરીને પોતાની બંધારણીય જવાબદારી ચૂકી છે અને તેથી કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યશ્રીઓ રાજ્યપાલશ્રીને મળી સરકાર સામે કાર્યવાહી કરવા વિનંતી કરશે.

રાજ્ય સરકારે પોતે જ મંત્રીમંડળના સભ્ય એવા મંત્રીશ્રી માયાબહેન કોડનાનીના આગોતરા જામીન ના મંજૂર કરવા ક્રિમી.મીસી.એ.નં. ૧૯૪૩/૨૦૦૯ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ કરી છે અને આ અરજીમાં રાજ્ય સરકારે પોતે સોગંદ ઉપર એવું જાહેર કર્યું છે કે, મંત્રીશ્રી માયાબહેન કોડનાનીને મંત્રીમંડળના સભ્ય હોવાના કારણે એવી પૂરી શક્યતાઓ છે કે, પુરાવાઓ અને સાક્ષીઓને તેઓ તોડશે. રાજ્ય સરકારે સ્પષ્ટ રીતે સોગંદનામામાં જણાવ્યું છે કે, એસ.આઈ.ટી. દ્વારા થયેલી તપાસમાં એ ખુલેલ છે કે, મંત્રીશ્રી માયાબહેન કોડનાની ટોળામાં હાજર હતા અને ટોળાને ઉશ્કેરતા હતાં. સ્પષ્ટ નિવેદન સાક્ષીના પ્રાપ્ત થયા છે કે, મંત્રીશ્રી માયાબહેન કોડનાનીના હાથમાં પિસ્તોલ હતી અને પિસ્તોલમાંથી ફાયરીંગ કરતાં હતાં. મંત્રીશ્રી માયાબહેન કોડનાની અન્ય લોકોની સાથે સ્થળ પર આવ્યા હતાં અને તેમણે તલવારો ટોળામાં વહેંચી હતી. તપાસ દરમ્યાન સાક્ષીઓએ મંત્રીશ્રી માયાબહેન કોડનાનીનું નામ સ્પષ્ટ રીતે આપ્યું હતું અને તેની ચકાસણી કરતાં તે સાબિત થયું છે. મંત્રીશ્રી માયાબહેન કોડનાની ટોળાનું નેતૃત્વ કરતાં હતાં અને ઉશ્કેરણી કરતાં હતાં.

કોડનાની તપાસની એજન્સી પાસે હાજર થયા નહોતાં અને તપાસ કરવા જતાં મળી આવ્યા નહોતાં. મંત્રીશ્રી માયાબહેન કોડનાનીએ ઈરાદાપૂર્વક તપાસમાં અડચણ ઉભી કરી છે અને તપાસમાં સહકાર આપેલો નથી. મંત્રીશ્રી માયાબહેન કોડનાનીએ કરેલો ગુનો અત્યંત ગંભીર પ્રકારનો છે. તેમણે કરેલા ગુનામાં નિર્દોષ ૯૫ વ્યક્તિઓ, જેમાં સ્ત્રીઓ, પુરૂષો અને બાળકોનો સમાવેશ થાય છે, તેમણે પોતાના જીવ ગુમાવ્યા છે. ૩૮ વ્યક્તિઓને ઈજાઓ થઈ છે અને ત્રણ વ્યક્તિઓ હજુ સુધી મળી આવી નથી. લાખો રૂપિયાની માલ-મિલ્કતને લૂંટવામાં અને સળગાવવામાં આવી છે તેમ સરકાર જ કહે છે.

રાજ્ય સરકારની બંધારણીય જવાબદારી છે કે, કાયદો અને વ્યવસ્થાનું પાલન થવું જોઈએ અને તહોમતદારોને એ રીતે હેન્ડલ કરવા જોઈએ કે જેથી તપાસમાં કોઈ અડચણ ઉભી ન થાય અને કાયદો કાયદાનું કામ કરી શકે. મંત્રીશ્રી માયાબહેન કોડનાનીના કિસ્સામાં રાજ્ય સરકાર પોતે જ સોગંદ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટમાં જણાવે છે કે, મંત્રીશ્રી માયાબહેન કોડનાની મીનીસ્ટર છે અને તેથી સાક્ષીઓ તથા પુરાવાઓને તેઓ તોડશે તેવી પુરી શક્યતાઓ છે. આ પરિસ્થિતિમાં રાજ્ય સરકારની પહેલી બંધારણીય જવાબદારી એ બને છે કે, નિષ્પક્ષ તપાસ થઈ શકે તે માટે મંત્રીશ્રી માયાબહેન કોડનાનીને મંત્રીમંડળમાંથી દૂર કરવા જોઈએ, પરંતુ આ રાજ્ય સરકારે મંત્રીશ્રી માયાબહેન કોડનાનીને દૂર કરતી નથી. તે બતાવે છે કે, રાજ્ય સરકાર તેની બંધારણીય ફરજમાંથી ચૂક કરી રહી છે અને તેથી કોંગ્રેસપક્ષના તમામ ધારાસભ્યશ્રીઓ આવતીકાલે નામદાર રાજ્યપાલશ્રીને મળીને રાજ્ય સરકારની વિરૂદ્ધ આવેદનપત્ર આપશે અને માંગણી કરશે કે, રાજ્ય સરકાર તેની બંધારણીય ફરજો બજાવવામાં નિષ્ફળ રહી છે, તે માટે માનનીય રાજ્યપાલશ્રી કાર્યવાહી કરે અને જો રાજ્ય સરકાર પોતાની બંધારણીય ફરજો બજાવવામાં નિષ્ફળ રહે તો રાજ્યપાલશ્રીએ રાજ્ય સરકારની બંધારણીય ફરજો બજાવવાની નિષ્ફળતા માટે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

આજે નામદાર ગુજરાત હાઈકોર્ટે મંત્રીશ્રી માયાબહેન કોડનાનીના જામીન રદ કરવાની અરજીમાં કોગ્નીજન્સ લીધું છે અને નોટિસ ઈસ્યુ કરી છે. તેવા સંજોગોમાં પણ રાજ્ય સરકારની વિશેષ જવાબદારી થઈ જાય છે કે, તેમણે મંત્રીશ્રી માયાબહેન કોડનાનીને મંત્રીમંડળમાંથી દૂર કરવા જોઈએ અને જો તેમ નહીં થાય તો રાજ્ય સરકાર બંધારણીય ફરજો બજાવવામાં નિષ્ફળ રહી છે તેમ માનીને રાજ્ય સરકાર સામે કાર્યવાહી થવી જોઈએ.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

(જે. જે. રસાણીઆ)
અંગત મદદનીશ